# Oasis

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનુ મુખપત્ર

અંક–૭૮ : જુલાઈ – ડિસેમ્બર ૨૦૨૧

## તંત્રીસ્થાનેથી . . .


### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો

**અમદાવાદ ચેપ્ટર**

૧. શ્રીમતી પ્રિતીબેન અદાણી
૨. શ્રી પી. કે. લહેરી
૩. શ્રી હેમંતભાઈ શાહ
૪. પદ્મશ્રી ડો. કુમારપાલ દેસાઈ
૫. શ્રી રશ્મિકાન્તભાઈ શાહ
૬. શ્રી રમેશભાઈ પટેલ
૭. શ્રીમતી જયશ્રીબેન મહેતા
૮. શ્રી શુભાંગભાઈ શાહ
૯. ડો. વી. એન. શાહ
૧૦. શ્રી નિલેશભાઈ દેસાઈ
૧૧. શ્રી ભરતભાઈ મોદી
૧૨. શ્રીમતી રેખાબેન ચોના
૧૩. શ્રી જ્યંતિભાઈ સંઘવી
૧૪. શ્રી જગતભાઈ કિનખાબવાલા

**વડોદરા ચેપ્ટર**

૧. રાજમાતા શુભાંગીની રાજે ગાયકવાડ
૨. શ્રી કરણ ગ્રોવર
૩. શ્રી મહેશભાઈ શાહ
૪. શ્રી જાલ પટેલ
૫. શ્રી યોગેશભાઈ વેલાણી
૬. શ્રી મધુભાઈ મહેતા
૭. શ્રી કુંજલભાઈ પટેલ
૮. શ્રી રોહિતભાઈ પરીખ

**સુરત ચેપ્ટર**

૧. શ્રી શરદભાઈ કાપડિયા
૨. શ્રી આઈ. જે. દેસાઈ
૩. શ્રી રજનીકાંતભાઈ કે. મારફતિયા
૪. શ્રી રાજેન્દ્રભાઈ ચોખાવાલા
૫. ડો. શ્રીમતી મીનાબેન માંડલેવાલા
૬. ડો. પ્રફુલભાઈ શિરોયા
૭. શ્રી ભરતભાઈ શાહ
૮. શ્રી રોહિતભાઈ મહેતા
૯. શ્રી કમલેશભાઈ યાજ્ઞિક
૧૦. શ્રી પ્રદીપભાઈ કલકત્તાવાલા
૧૧. કુ. જીજ્ઞાસાબેન ત્રિવેદી
૧૨. ડો. પ્રદિપભાઈ અટોદરીયા


**પ્રિય મિત્રો,**

નમસ્કાર !

આપણા સૌ માટે આનંદ અને ગૌરવની વાત છે કે આપ સૌના અવિરત સાથ–સહકારથી ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશને ૧૫ જાન્યુઆરી ૨૦૨૨ ના રોજ તેના કાર્યકાળના ૨૧ મા વર્ષમાં પ્રવેશ કર્યો છે.

આ પ્રસંગે સમાજ તરફથી મળેલ અમૂલ્ય સહયોગ બદલ અને અનુદાન આપનાર દાતાશ્રીઓ, ડોક્ટર્સ, સ્વયંસેવકો જેઓ સંસ્થાનો અભિન્ન હિસ્સો છે તેમજ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરનાર સૌનો હું હૃદયપૂર્વક આભાર માનુ છુ. આપના સહકાર થકી અમે અમારુ ધ્યેય હાંસીલ કરવા માટે ઉત્સાહિત અને કટિબધ્ધ રહ્યા છીએ.

લોકજાગૃતિ કાર્યક્રમો, એ સંસ્થાની મુખ્ય પ્રવૃત્તિ છે જે હાલમા ગુજરાતના ગામડાઓમા અવિરતપણે ચાલી રહી છે. કિડની નિષ્ફળતા એક શાંત અને જીવલેણરોગ છે, જેથી અમારુ કાર્ય સમાજના લોકોને એ સમજાવવાનુ છે કે સ્વસ્થ જીવન માટે કિડની તંદુરસ્ત હોવી ખૂબ જ મહત્વપૂર્ણ છે, જે સરળ અને નજીવા દરે થતા બ્લડપ્રેશર, બ્લડસુગર અને કિડનીના તબીબી પરીક્ષણો દ્વારા કિડનીના રોગોને સહેલાઈથી ઓળખી શકાય છે. સમયસરનુ નિદાન અને સારવાર ચોક્કસપણે ક્રોનીક કિડની નિષ્ફળતા જેવા અસાધ્ય રોગને આગળ વધતો અટકાવી શકે છે. માટે આ જાગૃતિ લોકો સુધી પહોંચાડવી જરૂરી છે.

આ સમય દરમિયાન સમગ્ર ગુજરાતમા કુલ ૨૨૬ જાગૃતિ કાર્યક્રમો અને ૭૨ નિદાન કેમ્પસનુ આયોજન કર્યુ હતુ, જેમાં વડોદરા, સુરત, આણંદ, પંચમહાલ, મેહસાણા, રાજકોટ, ભાવનગર, ગાંધીનગર અને અમદાવાદ જિલ્લાના અલગ અલગ તાલુકાઓ તેમજ આજુબાજુના ગામડાઓમા આ કાર્યક્રમોનું આયોજન કરી લોકોને જાગૃત કર્યા હતા.

૧૩ ઓગસ્ટનો દિવસ આપણા દેશમાં અંગદાન દિવસ તરીકે ઉજવવામા આવે છે. ભારત દેશમા "Cadaveric Organ Donation" અંગે જાગૃતિનો ખૂબ જ અભાવ છે. આથી અંગદાનની રાહ જોનાર દર્દીઓ માથી ૯૦% ને સમયસર અંગદાન નહી મળવાને કારણે મૃત્યુ પામે છે. આ દિવસે અમે દરેક ચેપ્ટરમા વિવિધ કાર્યક્રમો યોજીને લોકોને અંગદાન વિષે માહિતી આપીને અંગદાનનુ મહત્વ સમજાવ્યુ હતુ.

વર્ષ ૨૦૦૨ માં કિડનીના દર્દીઓનુ જીવન સરળ બનાવવાના હેતુથી 'પ્રેરણા' નામનો કાર્યક્રમ સંસ્થા દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો જેમાં ગુજરાત ભરના ડાયાલિસીસ સેન્ટરમાં સારવાર લેતા કિડનીના દર્દીઓ જોડાયેલા છે 'પ્રેરણા' કાર્યક્રમ અંતર્ગત IRF દ્વારા દિવાળી નિમિત્તે દર્દી મિત્રો અને તેમના પરિવાર માટે ફેન્સી દીવા બનાવવાના વર્કશોપનુ આયોજન દર વર્ષની જેમ આ વર્ષે પણ કરવામાં આવ્યુ હતુ અને તેના દ્વારા પ્રત્યેક વ્યક્તિમાં રહેલી કળાને બહાર લાવવાનો અને પ્રેરણા સભ્યોને આર્થિક મદદ કરવાનો એક નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો હતો જેમાં પ્રેરણા સભ્યોએ ઉત્સાહથી ભાગ લઈને ૬૦૦૦ ફેન્સી દીવા બનાવ્યા હતા અને IRF ની ટીમ દ્વારા આ દીવાનુ વેચાણ કરવામાં આવ્યુ હતુ.

સંસ્થા દ્વારા ચલાવવામાં આવતા 'સેવ અ લાઈફ' કાર્યક્રમ અંતર્ગત આ સમયગાળા દરમિયાન સમગ્ર ગુજરાતના ૫૫ જેટલા જરૂરિયાતમંદ કિડનીના દર્દીઓને દર મહિને ડાયાલાઈઝર કીટ, દવાઓ અને A.V.Fistula ના ઓપરેશનના ખર્ચ માટે રૂ. ૪,૭૫,૭૫૪/– રકમની ની સહાય કરવામા આવી છે. આ માટે હુ શ્રી રશ્મિકાંતભાઈ જે. શાહ, નારાયણ પાવરટેક પ્રા. લિ. અને શ્રી હેમંતભાઈ શાહ નો ખૂબ જ આભાર માનુ છુ કે તેમના દ્વારા દર મહિને અપાતા દાનથી અમે જરૂરિયાતમંદ કિડનીના દર્દીઓને સારવારમાં મદદ કરી શકીએ છીએ.

ખૂબ જ આનંદની વાત એ છે કે અમદાવાદ ચેપ્ટરના એડવાઈઝરી બોર્ડ મેમ્બર શ્રી રશ્મિકાન્તભાઈ જે. શાહ તરફથી દક્ષિણ ગુજરાતના ગામડાઓમાં જાગૃતિ કાર્યક્રમો અને નિદાન કેમ્પનુ સરળતાથી આયોજન થઈ શકે તે માટે સુરત ચેપ્ટરને મેડિકલ વાનની સુવિધા માટે રૂ.૬,૦૦,૦૦૦/– નુ દાન સંસ્થાને અર્પણ કરવામાં આવ્યુ છે. તે બદલ અમે તેમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ.

વડોદરાના શ્રીમતી પ્રીતિબેન વ્યાસ તરફથી રૂ. ૨,૦૦,૦૦૦/– નું દાન સંસ્થાને આપવામાં આવ્યુ છે તે બદલ અમે તેમનો આભાર માનીએ છીએ.

આપ સૌને જણાવતા આનંદ થાય છે કે અમદાવાદ ખાતેની સલાહકાર સમિતિમાં વધુ બે પરોપકારી મિત્રો શ્રી જયંતીભાઈ સંઘવી અને શ્રી જગતભાઈ કિનખાબવાલા અમારી સાથે જોડાયા છે હુ આ બંને મિત્રોને હૃદયપૂર્વક આવકારુ છુ.

હુ તમામ દાતાઓ અને એડવાઈઝરી કમિટીના સર્વે સભ્યોનો અમારી સાથે રહીને આવા ઉમદા કાર્યમાં સહભાગી થવા બદલ હૃદયપૂર્વક આભાર માનુ છુ.

આપ સૌને નવુ વર્ષ ૨૦૨૨ તંદુરસ્તી, સુખ, શાંતિ અને સમૃદ્ધિ બક્ષે તેવી શુભેચ્છાઓ.

ત્રિલોક પરીખ

**ત્રિલોકભાઈ પરીખ**
**ચેરમેન**

# લોકજાગૃતિ કાર્યક્રમો અને નિદાન કેમ્પ

આપ સૌ જાણો છો એમ કિડની અને કિડનીના રોગો વિષે સમાજના લોકોને જાગૃત કરવા એ સંસ્થાની મુખ્ય પ્રવૃત્તિ છે. છેલ્લા ૨૦ વર્ષથી ગુજરાતના મોટા શહેરો થી નાના અંતરિયાળ ગામડાઓ સુધી આ પ્રવૃત્તિ થકી અમે લોકોને કિડનીના રોગની ગંભીરતા વિષે જાગૃત કરી રહ્યા છીએ. આપણે સૌ જોઈ રહ્યા છીએ કે આધુનિક જીવનશૈલીને કારણે સમાજમાં ડાયાબિટીસ અને હાઇ બ્લડપ્રેશર તેમજ કિડની વિષેની અજ્ઞાનતાના કારણે ક્રોનીક કિડની રોગનુ પ્રમાણ ઉત્તરોત્તર વધવા લાગ્યુ છે.

## કિડની જાગૃતિ કાર્યક્રમો




અકવાડા ગુરુકુળ નર્સિંગ કોલેજ, ભાવનગર



ખેડૂત તાલીમ કેન્દ્ર, મહેસાણા




ધાનોરી ગામ તા.ગણદેવી જી. નવસારી




સાધી ગામ તા. પાદરા, જી. વડોદરા

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
**ભાવનગર ચેપ્ટર**

૧. શ્રી જનાર્દનભાઈ ભટ્ટ
૨. શ્રી સુનિલભાઈ વડોદરીયા
૩. શ્રી અશોષભાઈ ત્રિવેદી
૪. શ્રી ચેતનભાઈ કામદાર
૫. શ્રી રાજુભાઈ બક્ષી
૬. શ્રી મેહુલભાઈ પટેલ
૭. શ્રી સુમિતભાઈ ઠક્કર

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
**રાજકોટ ચેપ્ટર**

૧. શ્રી રમેશભાઈ પટેલ
૨. શ્રી ચંદુભાઈ વિરાણી
૩. શ્રી હરેશભાઈ વોરા
૪. શ્રી શંભુભાઈ પરસાણા
૫. ડો. સુધીર ભીમાણી
૬. ડો. કમલેશ જોષીપુરા
૭. શ્રી કિશોરભાઈ કોટક
૮. શ્રી મિત્તલભાઈ ખેતાણી
૯. શ્રી રજનીભાઈ પટેલ
૧૦. શ્રી રમેશભાઈ ઠક્કર
૧૧. શ્રી ડેનિશ આડેસરા

## બીપી, ડાયાબિટીસ અને કિડની તપાસ કેમ્પ




કાતોલ ગામ, તા. કાલોલ, જી. પંચમહાલ



ગાયત્રી મંદિર, હાલોલ, જી. પંચમહાલ



ગિરમઠા ગામ તા. દાસક્રોઇ જી. અમદાવાદ



સિનિયર સીટીઝન ક્લબ, ડીસા




વડસર ગામ તા. કલોલ, જી. ગાંધીનગર



રાંચરડા ગામ તા. કલોલ, જી. ગાંધીનગર

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
#### મહેસાણા ચેપ્ટર

૧. શ્રી શરદભાઈ શાહ
૨. શ્રી ચંદુભાઈ આઈ. પટેલ
૩. શ્રી અજીતભાઈ ટી. પટેલ
૪. શ્રી સુરેન્દ્રભાઈ બી. પરીખ
૫. ડો. શ્રી મુકેશભાઈ એમ. ચૌધરી
૬. ડો. શ્રી પી.ડી.પટેલ
૭. શ્રી સંદિપભાઈ શેઠ

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
#### હિંમતનગર ચેપ્ટર

૧. ડો. ચીમનભાઈ પટેલ
૨. શ્રી ચંદ્રકાંતભાઈ સી. શેઠ
૩. શ્રી ગિરીશભાઈ ભાવસાર
૪. શ્રી મહેન્દ્રસિંહ પી. ચૌહાણ
૫. શ્રી કુંજબિહારી જે. પટેલ
૬. શ્રી ગોપાલસિંહ એન. રાઠોડ
૭. શ્રી બાલકૃષ્ણ એમ. ઠક્કર
૮. ડો. કેવલભાઈ એચ. પટેલ

# અંગદાન દિવસ

ભારતમાં દર વર્ષે ૧૩ ઓગસ્ટનો દિવસ 'અંગદાન દિવસ' નિમિત્તે ઉજવવામાં આવે છે. જેનો ઉદ્દેશ્ય સમાજના લોકોને મગજના મૃત્યુબાદ થતા અંગદાન (Cadaveric Organ Donation) વિષે જાગૃત કરવાનો છે. મનુષ્યના શરીરમાં કિડની, લિવર, ફેફસા, હૃદય, આંખો અને પેનક્રિયાસ એવા અંગો છે જે કામ ન કરે અને નિષ્ફળ થાય (Organ Failure) તો વ્યક્તિનુ જીવન જોખમમાં મુકાઈ જાય છે પરંતુ જો આ અંગ નિષ્ફળતા વાળા દર્દીઓના શરીરમાં અંગદાન થકી મળેલ અંગોનુ પ્રત્યારોપણ કરવામાં આવે તો એ વ્યક્તિને નવુ જીવનદાન મળી શકે છે.

## અંગદાન મહાદાન

'અકસ્માતે બ્રેઈનડેથ (મગજથી મૃત) થયેલ સ્વજનનુ મૃત્યુ તો નિશ્વત છે પણ એની સાથે એના અત્યંત મહત્વના અને ઉપયોગી અંગો પણ નાશ પામે છે પરંતુ તે (મગજથી મૃત) દર્દી ICU માં વેન્ટિલેટર પર હોય તેટલો સમય મગજ સિવાયના અંગો કામ કરતાં હોય છે અને આ સમયે દર્દીના સગા–સબંધીની સંમતિ મળે તો અંગ નિષ્ફળતા વાળા દર્દીના શરીરમાં આ (કિડની, લીવર, ફેફસા, હૃદય, આંતરડા, સ્વાદુપિંડ) અંગો પ્રત્યારોપીત કરીને ધબકતા રાખી શકાય છે.'

મગજના મૃત્યુ પછી અંગદાન કરીને ૬ વ્યક્તિઓનુ જીવન બચાવી શકાય છે.

'એક જીવના અણમોલ અંગ બીજા જીવમાં લાવે ઉમંગ'
આવો આપણે સૌ સાથે મળીને અંગદાનનો સંકલ્પ કરીએ.

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન વર્ષ ૨૦૦૬ થી 'જીવનદાન' કાર્યક્રમ અંતર્ગત આ ક્ષેત્રે સમાજના લોકોને જાગૃત કરવાનો પ્રયત્ન કરે છે. જેના ભાગરૂપે ૧૩ ઓગસ્ટ ૨૦૨૧ ના રોજ સંસ્થા દ્વારા વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.

### અમદાવાદ

આ દિવસે જે.જી. ઈન્ટરનેશનલ નર્સીંગ કોલેજના વિધાર્થીઓ માટે કેડેવર ઓર્ગન ડોનેશન (મગજના મૃત્યુ બાદ થતા અંગોનુ દાન) વિષે ડો. ઉમેશ ગોધાણીએ (નેફ્રોલોજીસ્ટ) પ્રોજેક્ટર (PPT) દ્વારા વિસ્તૃત માહિતી આપી હતી તેમજ ભવિષ્યમાં નર્સીંગના અભ્યાસ પછી મેડિકલ ક્ષેત્રે કાર્ય કરતી વખતે કેડેવર ઓર્ગન ડોનેશનમાં વધારો થાય અને તેને પ્રોત્સાહન મળે એ માટે પોતાની શું ફરજ અને ભૂમિકા રહેશે તેની ખૂબ જ સરળ ભાષામાં સમજ આપી હતી. આ કાર્યક્રમમાં દરેક વિધાર્થીઓને અંગદાન પ્રતિજ્ઞાપત્ર ભરાવવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં કોલેજના અધ્યક્ષ ડો. સુનિથા મેથ્યુ પણ ઉપસ્થિત રહ્યા હતા અને ભવિષ્યમાં આ ક્ષેત્રમાં સમાજના લોકોને જાગૃત કરવા માટે સાથે મળીને કાર્ય કરવાની ખાત્રી પણ આપી હતી.




શ્રોતાઓને સમજ આપતા ડો. ઉમેશ ગોધાણી

### સુરત

અંગદાન દિવસે સુરત ઓલપાડ ખાતે આવેલી શ્રી સ્વામિનારાયણ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત વાયબ્રન્ટ નર્સીંગ કોલેજના વિધાર્થીઓને અંગદાન વિષે જાગૃત કરવા તેમજ હોસ્પિટલમાં ફરજ બજાવતા નર્સીંગ સ્ટાફની કેડેવર અંગદાનની પ્રક્રિયામાં શું ભૂમિકા હોવી જોઈએ તે વિષેની સમજ આપવા માટે ડો. જીનેશ પુરોહિતને (નેફ્રોલોજીસ્ટ) આમંત્રિત કરવામાં આવ્યા હતા. જેઓએ પ્રોજેક્ટરના માધ્યમથી આ વિષયની સમજ વિધાર્થીઓને આપી હતી. આ દિવસે કોલેજની વિધાર્થીનીઓ દ્વારા અંગદાન વિષે જાગૃતિ લાવવાના ઉદ્દેશ્યથી ખાસ નાટક અને ચિત્ર સ્પર્ધાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં વિજેતા વિધાર્થીઓને કાર્યક્રમમાં ઉપસ્થિત ડો. જીનેશ પુરોહિતના હાથે ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શ્રી સ્વામિનારાયણ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા IRF ને રૂ. ૫૦૦૦/– નુ દાન મળેલ છે. તે બદલ અમે તેમનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.



ડો. જીનેશ પુરોહિતનુ સ્વાગત કરતા કોલેજના અધ્યાપકશ્રી

## વડોદરા

આ ચેપ્ટરમાં અંગદાન દિવસ નિમિત્તે વડોદરા શહેરના મુખ્ય ચાર રસ્તાઓ પર ઓર્ગન ડોનેશન વિષે લોકોને જાગૃત કરતા હોર્ડિંગ્સ મૂકવામાં આવ્યા હતા જે એક અઠવાડિયા સુધી રાખવામાં આવ્યા હતા. આ ઉપરાંત ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન અને ભાઈલાલ અમીન જનરલ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે ૨૦ ઓગસ્ટ, ૨૦૨૧ ના રોજ એક સેમિનારનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ICU સાથે સંકળાયેલ સ્ટાફ અને તબીબો માટે કેડેવરિક ઓર્ગન ડોનેશન વિષય પર ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વડોદરા શહેરના ખ્યાતનામ નેફ્રોલોજીસ્ટ, ન્યુરોસર્જન અને ઈન્ટેન્સિવિસ્ટ તબીબો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમનુ આયોજન કરવા પાછળનો મુખ્ય હેતુ અંગદાનની પ્રક્રિયામાં શ્રેષ્ઠ વ્યવસ્થાપન અને સંકલન થઈ શકે અને કેડેવરિક અંગદાનના પ્રમાણમાં વધારો થાય અને અંગદાન પ્રતિક્ષા યાદી ઘટાડવાનો છે જેથી જરૂરિયાતમંદ દર્દીઓને યોગ્ય સમયે અંગ મળી રહે.




મુખ્ય ચાર રસ્તાઓ પર મૂકવામાં આવેલ હોર્ડિંગ્સ



ભાઈલાલ અમીન હોસ્પિટલ ખાતે વર્કશોપ

## ચાલો આપણે કેડેવર અંગદાન (મગજથી મૃત વ્યક્તિ દ્વારા) મેળવનાર વ્યક્તિની લાગણીઓને વાચા આપીએ.




રાકેશભાઈ પટેલ

મારુ નામ રાકેશ પટેલ છે અને હુ હિંમતનગરનો રહેવાસી છુ ખૂબ જ નાની ઉંમરે એક અકસ્માત દરમિયાન મારી કિડનીને નુકશાન પહોંચ્યુ હતુ. શરૂઆતમાં દવાઓથી મને સારવાર આપવામાં આવી એ પછી મારી કિડનીનુ કાર્ય ફરીથી સામાન્ય બન્યુ ૨ વર્ષ પછી અચાનક મને ઉલ્ટી થવાની શરૂ થઈ અને મને કેટલાક તબીબી પરીક્ષણો લેવાની સલાહ આપવામાં આવી જેના થકી ૨૦૦૩ માં મને ક્રોનિક કિડની રોગ હોવાનુ નિદાન થયુ. વર્ષ ૨૦૦૭ માં મારુ કિડની પ્રત્યારોપણ કરવામાં આવ્યુ અને એ પ્રત્યારોપીત કિડનીનુ કાર્ય લગભગ ૭ વર્ષ સુધી ચાલ્યુ.

૨૦૧૪ ની સાલમાં ફરીથી મારે હિમોડાયાલિસીસની સારવાર લેવાનુ ચાલુ કરવુ પડ્યુ. ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા વર્ષ ૨૦૧૮ માં હિંમતનગર ખાતે અદ્યતન સુવિધાઓ સાથેનુ ડાયાલિસીસ સેન્ટર બનાવ્યુ છે એવી માહિતી મળતા મે એની મુલાકાત લીધી ત્યાર પછી મારી હિમોડાયાલિસીસની સારવાર આ સેન્ટરમાં લેવાનુ નક્કી કર્યું. હિમોડાયાલિસીસની સારવાર દરમિયાન બીજી બાજુ મે સ્ટર્લિંગ હોસ્પિટલ, અમદાવાદ ખાતે NOTTO (National Organ & Tissue Transplant Organization) રજીસ્ટ્રીમાં કેડેવેરિક ઓર્ગન ડોનેશન માટે નામની નોંધણી કરાવી લીધી હતી ત્યારબાદ ત્રણ વર્ષ ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત ડાયાલિસીસ સેન્ટરમાં સારવાર લીધાબાદ તારીખ ૨૪ નવેમ્બર ૨૦૨૧ ના રોજ રાત્રે ૮ વાગે સ્ટર્લિંગ હોસ્પિટલમાંથી મને કેડેવેરિક ઓર્ગન ડોનેશન માટેનો કોલ આવ્યો અને અમે વિલંબ વગર હોસ્પિટલ પહોંચી ગયા. ત્યાં ડોક્ટરોએ મારા કેટલાક તબીબી પરીક્ષણો કર્યા પછી ૨૫ તારીખે સવારે ૮ વાગે ઓપરેશન થિએટરમાં લઈ લીધો અને એક સફળ ઓપરેશન બાદ મારા શરીરમાં એક નવી કિડની પ્રત્યારોપીત કરવામાં આવી એક ૪૨ વર્ષના મગજથી મૃત વ્યક્તિના પરિવારની અંગદાન વિષેની જાગૃતતા અને પોતાના સ્વજનના અંગદાન કરવાના સમાજ ઉપયોગી નિર્ણયથી આજે મને ફરી એક વાર કિડની દાનમાં મળી છે અને ડાયાલિસીસની સારવારથી મુક્તિ મળી છે અને ઈશ્વરની કૃપાથી હુ કિડની પ્રત્યારોપણ પછી સ્વસ્થ જીવન જીવી રહ્યો છુ.

પોતાના સ્વજનના અંગો દાન કરવાનો ઉમદા નિર્ણય લઈને મને એક નવજીવન આપ્યુ તે બદલ હુ એ પરિવારજનોનો આભાર માનુ છુ. અને સમાજના દરેક નાગરિકને વિનંતી કરુ છુ કે, એક જવાબદાર નાગરિક તરીકે આપણે પણ અંગદાનને એક સહિયારી જવાબદારી સમજીને અંગદાન માટે આગળ આવવુ જોઈએ જેથી મારા જેવા અસાધ્ય રોગથી પીડાતા દર્દીઓને નવજીવન મળી શકે.

# વિશ્વ ડાયાબિટીસ દિવસ



કાર્યક્રમમાં મારી સાથે ઉપસ્થિત શ્રી રશ્મિકાંતભાઈ શાહ
અને પુસ્તકાલયના ટ્રસ્ટીશ્રીઓ

આ કેમ્પમાં રાણીપ વિસ્તારના લોકોએ બહુ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. આ કેમ્પનુ આયોજન કરવા પાછળનો હેતુ ડાયાબિટીસની શરીરના અન્ય અંગો પર વિપરીત અસર પડે એ પહેલા તેનુ નિયંત્રણ અને સારવારનુ મહત્વ લોકોને સમજાવવાનો હતો.



કેમ્પમાં ભાગ લેતા ચામુંડાનગર સોસાયટીના નાગરિકો

આ ઉપરાંત ગુજરાત વેપારી મહામંડળ CSR ટાસ્ક ફોર્સ ટીમના સહયોગથી નવરંગપુરા ગામ, અમદાવાદ ખાતે બીપી, ડાયાબિટીસ અને કિડની તપાસ કેમ્પનુ આયોજન તારીખ ૨૫ ડિસેમ્બરના રોજ કરવામાં આવ્યુ જેમાં સંસ્થાની અમદાવાદ ચેપ્ટરની સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો શ્રીમતી જયશ્રીબેન મહેતા અને શ્રી જગતભાઈ કિનખાબવાલા તેમજ ગુજરાત વેપારી મહામંડળ CSR ટાસ્ક ફોર્સની ટીમ પણ ઉપસ્થિત રહી હતી.

**સ્થાનિક સલાહકાર સમિતિ**
**ગીર-સોમનાથ**

૧. શ્રી પ્રવિણભાઈ કે. લહેરી
૨. શ્રી વિજયસિંહ ચાવડા
૩. શ્રી જગમલભાઈ વાલા
૪. શ્રી રમેશભાઈ ચોપડકર
૫. શ્રી જીતેન્દ્રભાઈ મહેતા
૬. શ્રી સુરેશભાઈ કંપાણી
૭. શ્રી ગિરીશભાઈ ઠક્કર
૮. ડો.શ્રી રાજુભાઈ ક્રિષ્નાની
૯. શ્રી તેજસભાઈ પંડ્યા
૧૦. શ્રી અરૂણકુમાર શર્મા

તારીખ ૧૪ નવેમ્બર વિશ્વ ડાયાબિટીસ દિવસ તરીકે ઉજવવામાં આવે છે જેનો હેતુ ડાયાબિટીસથી શરીરના અન્ય અંગો પર પડતી વિપરીત અસરથી સમાજના લોકોને જાગૃત કરવાનો છે. જેને ધ્યાનમાં રાખીને આ દિવસે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન, લાયન્સ ક્લબ ઓફ શાહીબાગ અને સદવિચાર પરિવારના સંયુક્ત ઉપક્રમે એક વિશેષ મેઘા મેડિકલ ચેકઅપ કેમ્પનુ આયોજન અમદાવાદના રાણીપ વિસ્તારના લોકો માટે રાણીપ સાર્વજનિક પુસ્તકાલય ખાતે કરવામાં આવ્યુ હતુ. જેમાં ભાગ લેનાર દરેક વ્યક્તિનુ બીપી, ડાયાબિટીસ, કિડની અને આંખોની તપાસ કરવામાં આવી હતી.



મેઘા કેમ્પમાં ભાગ લેતા નાગરિકો

ડાયાબિટીસની કિડની અને શરીરના અન્ય અંગો પર પડતી ખરાબ અસરો વિષે લોકોને જાગૃત કરવાના ભાગરૂપે સંસ્થા દ્વારા લાયન્સ ક્લબ ઓફ શાહીબાગ અને લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સંવેદનના સહયોગથી શહેરના સ્લમ વિસ્તારો અને ગામડાઓમાં ડાયાબિટીસ અને બીપીના નિદાન કેમ્પ કરવામાં આવી રહ્યા છે જેમાં ડાયાબિટીસ અને હાઈબ્લડપ્રેશરના દર્દીઓને માહિતી પુસ્તિકાઓ સાથે માર્ગદર્શન પણ આપવામાં આવે છે.



નવરંગપુરા ગામ, અમદાવાદ



સલાહકાર સમિતિના સભ્ય શ્રીમતી જયશ્રીબેન મહેતા અને શ્રી જગતભાઈ કિનખાબવાલા
તેમજ GCCI CRS Task Force ની ટીમ

# પ્રેરણા

વર્ષ ૨૦૦૨ ના ઓક્ટોબર મહિનાથી સંસ્થા દ્વારા 'પ્રેરણા' નામના કાર્યક્રમ હેઠળ કિડનીના દર્દીઓ માટે પુનઃર્વસનની પ્રવૃત્તિઓ બધા જ ચેપ્ટરમાં કરવામાં આવી રહી છે. કિડનીના દર્દી તેમજ દર્દીના સગા ઘરે બેસીને કામ કરી શકે તે માટે વિવિધ પ્રકારની વસ્તુઓ જેવી કે જ્યુટ વર્ક, હેંડવર્ક, ડિઝાઈનર જવેલરી અને ફેન્સી દીવા વગેરે બનાવવાની તાલીમ આપવી એ પણ આ કાર્યક્રમનો એક ભાગ છે.

દર વર્ષે દિવાળી નિમિત્તે અમારા આ કાર્યક્રમાં જોડાયેલ પ્રેરણા સભ્યો દ્વારા ફેન્સી દીવા બનાવવાની કામગીરી કરવામાં આવે છે. આ વર્ષે પણ આ પ્રવૃત્તિ સંસ્થા દ્વારા કરવામાં આવી હતી અને તેમાં ખૂબ જ ઉત્સાહથી પ્રેરણા સભ્યોએ ભાગ લીધો હતો.



પ્રેરણા સભ્યો



દીવા બનાવવાની તાલીમમાં ભાગ લેતા પ્રેરણા સભ્યો

Save a life
Sponsoring Renal Treatment



મેહુલભાઈ જયંતીભાઈ મકવાણા

નમસ્કાર

મારુ નામ મેહુલભાઈ જયંતીભાઈ મકવાણા છે અને હુ મોરબીનો રહેવાસી છુ. ૨૦૧૪ની સાલમાં કિડનીના નિષ્ણાંત તબીબ ડો. પ્રફુલ ગજ્જરએ (નેફ્રોલોજીસ્ટ) મારી કિડની નિષ્ફળતાનુ નિદાન કર્યું. ત્યારબાદ એમને આપેલી સલાહ અને દવાઓની મદદથી મારે ડાયાલિસીસની સારવાર લેવી પડતી ન હતી, પરંતુ ડૉક્ટરની ફી અને દવાઓ મને પોષાતી ન હોવાથી ૨૦૧૬ ની સાલમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી જ્યાં મારી સારવાર નેફ્રોલોજીસ્ટ ડો. હીમાંશુભાઈ પટેલ કરતા હતા. એ પછી વર્ષ ૨૦૨૦ ની સાલમાં મારુ ક્રિએટીનાઈન લેવલ વધારે થતા ડોક્ટર સાહેબે મને ડાયાલિસીસની સારવાર લેવાની સલાહ આપી પરંતુ આ સારવાર શરૂ કરતાં પહેલા સૌ પ્રથમ લોહીને વધારે જથ્થામાં બહારકાઢવા માટે A.V. Fistula નું ઓપરેશન કરવુ જરૂરી હતુ જેથી આ ઓપરેશન મે રાજકોટની બીટી સવાણી હોસ્પિટલમાં કરાવ્યુ જે થોડા દિવસ બાદ ફેઈલ થઈ ગયુ જેથી મે રાજકોટની મધુરમ હોસ્પિટલમાં ફરીવાર આ ઓપરેશન કરાવ્યુ તે પણ સફળ ના થયુ હવે મારી આર્થિક પરિસ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ કે ત્રીજી વાર આ ઓપરેશન કરાવવાના પૈસા મારી પાસે ન હતા જેથી અમે સિવિલ હોસ્પિટલ અમદાવાદ A.V. Fistula ના ઓપરેશન માટે ગયા પણ ત્યાંના ડોક્ટરોએ અમને ત્રણ મહિનાનુ વેઈટિંગ લિસ્ટ છે એમ કહીને ત્રણ મહિના પછીની એપોઈમેન્ટ લેવા માટે જણાવ્યુ સામે બાજુ મારી શારીરિક તકલીફો વધવા લાગી હતી જેથી મારે જલ્દી રેગ્યુલર ડાયાલિસીસની સારવાર લેવી જરૂરી હતી. એવામાં અમારી સાથે સારવાર લેવા આવતા એક દર્દી મિત્ર પાસેથી ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન નામની સંસ્થાનો સંપર્ક કરવા માટે જણાવ્યુ જેથી મે સંસ્થાની રાજકોટ ઓફિસ ખાતે અશ્વિનભાઈ ગોહેલનો સંપર્ક કર્યો અને તેમણે મને બનતી મદદ કરવાની ખાત્રી આપી થોડા દિવસ પછી એમની અમદાવાદ ખાતેની ઓફિસથી ઓપરેશન માટેની વ્યવસ્થા થઈ ગઈ છે તેવો કોલ આવ્યો અને અમને અમદાવાદ બોલાવ્યા જ્યાં ડો. દિલીપ ત્રિવેદી સાહેબની વેદ હોસ્પિટલમાં મારુ A.V. Fistula નું ત્રીજી વાર ઓપરેશન સફળતા પૂર્વક થયું. આ ઓપરેશનનો ખર્ચ રૂ. ૨૬,૦૦૦/– થયો અને રૂ. ૬૦૦૦/–ના રિપોર્ટ એમ મારા આ ઓપરેશનનો કુલ રૂ. ૩૨,૦૦૦/– થયો જેનો બધો જ ખર્ચ ઈન્ડિયા રીનલ ફોઉન્ડેશન દ્વારા આપવામાં આવ્યો હતો. ખરેખર ઈન્ડિયા રીનલ ફોઉન્ડેશને મને યોગ્ય સમયે મદદ કરી અને હવે હુ સમયસર મારી ડાયાલિસીસની સારવાર લઈ શકુ છુ હુ હૃદયથી આ સંસ્થાનો આભારી છુ.

## આ સમયગાળા દરમિયાન મળેલ દાનની વિગતો

**મુખ્ય દાતાશ્રીઓ**

| | |
|---|---|
| શ્રી રશ્મિકાંતભાઈ જે. શાહ, અમદાવાદ | રૂ. ૬,૦૦,૦૦૦/– |
| શ્રીમતી પ્રીતિબેન વ્યાસ, વડોદરા | રૂ. ૨,૦૦,૦૦૦/– |
| શ્રી સુરેન્દ્રભાઈ સી. પટેલ | રૂ. ૨૫,૦૦૦/– |

### Save a life (Sponsoring Renal Treatment) કાર્યક્રમના દતાશ્રીઓ

| | |
|---|---|
| શ્રી રશ્મિકાંતભાઈ જે. શાહ, અમદાવાદ | રૂ. ૨,૪૦,૦૦૦/– |
| નારાયણ પાવરટેક પ્રા. લિ., વડોદરા | રૂ. ૧,૮૦,૦૦૦/– |
| શ્રી હેમંતભાઈ શાહ, અમદાવાદ | ૨૦૦ ડાયાલાઈઝર અને ટ્યુબિંગ્સનુ દાન |
| શ્રી રામેન્દ્રભાઈ પરીખ, અમદાવાદ | રૂ. ૧૧,૦૦૦/– |
| એટલાસ લાઈફસાયન્સ પ્રા. લિ., અમદાવાદ | રૂ. ૧૧,૦૦૦/– |
| શ્રી સ્વામિનારાયણ એજ્યુકેશન ટ્રસ્ટ, સુરત | રૂ. ૫,૦૦૦/– |
| શ્રી મહેન્દ્રભાઈ મોતીલાલ વસા, અમદાવાદ | રૂ. ૫,૦૦૦/– |
| સ્વ. શ્રીમતી દેવુબેન મારૂ, અમદાવાદ | રૂ. ૫,૦૦૦/– |
| સ્વ. શ્રીમતી અમિતાબેન હેમેન્દ્રભાઈ પરીખ, અમદાવાદ | રૂ. ૫,૦૦૦/– |
| શ્રી પ્રકાશભાઈ આર. જલગાઉંકર, અમદાવાદ | રૂ. ૨,૧૦૧/– |

### ડોનર સભ્યપદ કાર્યક્રમ

| ક્રમ નં. | સભ્યપદના પ્રકાર | દાન રકમ |
|---|---|---|
| ૧. | વાર્ષિક મેમ્બર | રૂ. ૨૫૦ |
| ૨. | પાંચ વર્ષ મેમ્બર | રૂ. ૧,૦૦૦ |
| ૩. | દસ વર્ષ મેમ્બર | રૂ. ૨,૫૦૦ |
| ૫. | લાઈફ મેમ્બર | રૂ. ૫,૦૦૦ |
| ૬. | ગોલ્ડ મેમ્બર | રૂ. ૧૦,૦૦૦ |
| ૭. | પેટ્રોન મેમ્બર | રૂ. ૨૫,૦૦૦ |

**ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનને આપવામાં આવતુ દાન ઈન્કમ ટેક્સ, સેક્સન ૮૦ G હેઠળ ૫૦% કર રાહતને પાત્ર છે**

Oasis નો આ અંક સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. ના સહયોગથી પ્રકાશિત થયો છે.

iRf
ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન
B–૨૦૬, શપથ–૪, કર્ણાવતી કલબની સામે, સરખેજ–ગાંધીનગર હાઈવે, અમદાવાદ–૩૮૦૦૫૧. ફો. ૦૭૯ ૪૦૦૨ ૭૮૮૪
વડોદરા: ૯૨૨૭૧–૦૧૭૬૨ • સુરત: ૯૨૨૭૯–૨૧૦૬૧ • રાજકોટ: ૯૨૨૨૭૨–૫૧૫૮૫ • મહેસાણા: ૮૫૧૧૧–૧૪૨૫૬ • ભાવનગર: ૮૫૧૧૧–૧૪૨૫૭ • ભૂજ: ૮૫૧૧૧–૪૮૨૨૮ • હિંમતનગર: ૬૩૫૪૯–૧૭૬૬૭
e-mail: irf@indiarenalfoundation.org visit us at: www.indiarenalfoundation.org

All contributions to India Renal Foundation are 50% tax exempt u/s 80G